**DATE: 22/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

ભરૂચમાં પોલીસ શહીદ દિવસ મનાવાયો | 1959 ચીનના ગોળીબારમાં મૃતક પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ

# 264 વીર શહીદ જવાનોને નામ સાથે યાદ કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આંધ્રપ્રદેશ.. જી. નારેન્દ્ર.. એક પછી એક 246 શહીદોના નામના ઉચ્ચારણ સાથે પોલીસ શહીદ દિવસ મનાવવામાં આવ્યો હતો. કાળી તલાવડી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એસપી મયુર ચાવડાની ઉપસ્થિતિમાં શહિદ સ્મારક પર પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

દર વર્ષે 21 ઓક્ટોબરના દિવસે પોલીસ સ્મૃતિ દિન તરીકે મનાવવામાં આવે છે. દેશની આંતરિક સુરક્ષા માટે શહિદ થયેલા પોલીસ જવાનોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. 1959માં ચીની સૈનિકોએ કરેલા ફાયરિંગમાં તિબ્બત બોર્ડર ફોર્સના જવાનો તથા પોલીસકર્મીઓ પણ શહીદ થયા હતાં. શહીદ જવાનોને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. ભરૂચ પોલીસ હેડ ક્વાટર્સ ખાતે સોમવારના દિવસે એસપી મયુર ચાવડા અને પોલીસ અધિકારીઓની તથા પોલીસ કર્મીઓની હાજરીમાં 264 શહીદ જવાનોનાં નામો બોલી શ્રદ્ધાંજલિ અર્પી હતી. શહીદ જવાનોને ગાર્ડ ઓફ ઓનર આપી હાજર તમામ અધિકારીઓ અને પોલીસ જવાનોએ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



ભરૂચના પોલીસ હેડકવાટર્સ ખાતે શહીદોને સલામી આપવામાં આવી હતી.

**DATE: 22/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### મકાન ભાડે આપી જાહેરનામાનો ભંગ કરનાર

# નેત્રંગ તાલુકાના વધુ બે મકાન માલિકો સામે ગુનો દાખલ કરાયો

નેત્રંગ, તા. ૨૧

નેત્રંગ પોલીસ દ્વારા મકાન ભાડૂઆત સંબંધિત જાહેરનામાનો ભંગ કરનાર કેટલાક મકાન માલિકો સામે ગુના દાખલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## મકાન અને દુકાનોમાં બે નંબરી પ્રવૃત્તિ કરતા તત્વોમાં દહેશત

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઈની સૂચનાથી જાહેરનામાનો ભંગ કરનાર મકાન માલિકો સામે કાર્યવાહી કરી રહી છે. નેત્રંગ પોલીસની ટીમ વિવિધ ગામોમાં તપાસ હાથ ધરી હતી.જેમાં નોંધણી વિના અન્યને મકાન અને દુકાન ભાડે આપેલી હોય તેવા મકાન માલિકો સામે ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

જાહેરનામાના ભંગ બાબતે હાલમાં નેત્રંગ પોલીસ તપાસ કરી રહી છે. પ્રથમ રાઉન્ડમાં ત્રણ મકાન માલિકોએ ભાડૂઆતની નોંધ પોલીસમાં કરાવી ન હતી. જેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધાવવામાં આવેલો હતો. આ કાર્યવાહી ચાલુ રહેતા અન્ય બે મકાન જેમાં અભેસીંગભાઈ હીરાભાઈ વસાવા રહે સ્ટેશન ફળીયુ કવચીયા તા.નેત્રંગ મધુભાઈ જેઠાભાઈ વસાવા રહે બેડા કંપની થવા તા, નેત્રંગ વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્ય બહારના શખ્સો નેત્રંગ તાલુકાના ગામે-ગામ સ્થાનિક ભોળા આદિવાસીઓ મકાન માલિકો પાસેથી ઉંચા ભાડા આપી મકાનોમા દુકાનો ખોલી બે નંબરી ધંધાઓ દુકાનોની આડમા કરતા હોય છે. તે પૈકી કેટલાક ઈસમો દ્વારા ગુનાહિત પ્રવૃતિને અંજામ આપતા હોવાની દહેશત રહેલી હોય છે. જેને લઈ જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પડાયેલા જાહેરનામા મુજબ મકાન દુકાન માલિકોએ પોતાના મકાનો દુકાનો ભાડે આપતા પહેલા સ્થાનિક પોલીસમાં આ બાબતે નોધ કરાવવાની હોય છે.

નેત્રંગ પોલીસે જાહેરનામાના ભંગ બાબતે કડક હાથે કામગીરી શરૂ કરાતા પ્રરપાંતીય ના લોકોને મકાન દુકાન ભાડે આપનારાઓમા ફફડાટ ફેલાયો છે.


**સંકુલ દિવાળી વેકેશન - નવા પ્રવેશ ચાલુ**

★ KG થી ધો. 5 બન્ને મિડીયમ ગર્લ્સ – બોયઝ સ્કૂલ

★ ધો. ૬ થી ૧૨ આર્ટસ – કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ ગર્લ્સ સ્કૂલ

**DATE: 22/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સ્ટોક એક્સચેન્જના બ્રોકર તરીકે ખોટી ઓળખાણ આપી રૂપિયા પડાવ્યાં

# ભરૂચમાં 24 લોકો સાથે ₹ 64 લાખની ઠગાઈ કરનાર દંપતી નડિયાદથી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં નેશનલ સ્ટોક એક્સચેંજના બ્રોકર તરીકે ખોટી ઓળખ આપી બોગસ દસ્તાવેજો બનાવી 24 લોકો સાથે 64 લાખની ઠગાઈ કરનારા દંપતીને પોલીસે નડિયાદથી ઝડપી પાડયું છે.




અંક્લેશ્વરની ગાર્ડન સિટી ખાતે રહેતાં યોગેશ જોષી ભરૂચની રાહુલ ચેઈન કંપનીમાં પ્રોડક્શન મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓ નોકરીએ જોડાયા ત્યારે કંપનીમાં એકાઉન્ડ હેડ તરીકે બ્રજેશ ભગવતી પ્રસાદ શ્રીવાસ્તવના સંપર્કમાં આવ્યાં હતાં. 2023માં ઓગષ્ટ મહિનામાં બ્રજેશે તેમને મળી જણાવ્યું હતું કે, નેશનલ સ્ટોક એક્સચેન્જમાં ભરૂચમાં બ્રોકર તરીકે તેમની નિમણૂંક થઇ છે. તેણે તેમને જણાવ્યું હતું કે, એનએસઈમાં સારા વળતર વાળી એક સારી સ્કીમ આવી છે. જેમાં એક લાખથી 20 લાખ સુધીના રોકાણકારોને મહિને 10થી 12 ટકા ગેરેન્ટી વળતર મળશે. યોગેશે તેમના તથા પરિવારજનોનું 42.50 લાખનું રોકાણ કર્યું હતું. રોકાણ બાદ તેમને કોઈ વાતે શંકા જતાં તેમણે એનએસઈમાં તેમના ડોક્યુમેન્ટ સાથેનો મેઈલ કરતાં ભરૂચમાં કોઈ બ્રોકર નહિ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તેમણે પોતાના રૂપિયા પરત માગતા બ્રજેશ તથા તેનો પરિવાર ઘર છોડીને ભાગી ગયાં હતાં. તેમણે સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સી ડિવિઝનમાં 24 લોકો સાથે 64 લાખની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસની તપાસ દરમિયાન બ્રજેશકુમાર શ્રીવાસ્તવ તથા તેમની પત્ની નિશા શ્રીવાસ્તવ નડિયાદમાં હોવાની બાતમી મળતાં છાપો મારી બંનેને ઝડપી પાડી વધુ તપાસ માટે ભરૂચ લાવવામાં આવ્યાં છે.

**DATE: 22/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

### સુરત ડ્રગ્સની ડિલિવરી આપવા જતાં ૩ કેરિયર ઝડપાયા બાદ

# અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઈઝમાં MD ડ્રગ્સની બનાવટનો ભાંડો ફૂટયો

## કુલ ૪ આરોપીની ધરપકડ : રૂા.૨ કરોડથી વધુનો ડ્રગ્સનો જથ્થો જપ્ત

। અંકલેશ્વર ।

અંકલેશ્વર GIDCની આવકાર ડ્રગ્સ બાદ અવસર એન્ટરપ્રાઈઝમાંથી નશાનું ઉત્પાદન ઝડપાયા બાદ જાણે અંકલેશ્વર, દિલ્હી અને મુંબઈ માટે ડ્રગ્સ બનાવી સપ્લાય કરવાનું એપી સેન્ટર બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. સુરતનાં વેલંજા ગામ રંગોલી ચોકડી નજીકથી ૨ કિલોથી વધુ એમ.ડી ડ્રગ્સ અને અંકલેશ્વર GIDC માં આવેલ અવસર એન્ટરપ્રાઈઝ ફેક્ટરીમાંથી દોઢસો ગ્રામ એમ.ડી. ડ્રગ્સ તથા ૪૩૦ કિલો જેટલા શંકાસ્પદ માદક પદાર્થના જથ્થા સાથે ૪ આરોપીઓને રૂા.૨ કરોડથી વધુનાં ડ્રગ્સ સાથે ઝડપી લેવાયા છે.

ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ સુરત ક્રાઈમબ્રાંચ. સુરત ગ્રામ્ય અને ભરૂચ SOGએ કર્યો છે. રવિવારે સુરત ક્રાઈમ બ્રાન્ચ પીઆઈને બાતમી મળી હતી કે, વિશાલ પટેલ અંકલેશ્વર GIDC એસ્ટેટ અવસર એન્ટરપ્રાઈઝ નામની ફેક્ટરીમાં એમ.ડી ડ્રગ્સનો જથ્થો બનાવી તેના માણસો મોન્ટુ પટેલ, વિરાટ પટેલ અને વિપુલ પટેલને એમ.ડી. ડ્રગ્સનો જથ્થો સુરત ડિલિવરી કરાવનાર છે. જે સ્કોડા કારમાં સાંજના છ વાગ્યાના અરસામાં સુરત હાઈવે પર રાજ હોટલ થઈ વેલંજા ગામ રંગોલી ચોકડી તરફ જતા રોડ ઉપરથી આ ડ્રગ્સ સપ્લાયરો પસાર થવાના હતા. જે અંગે સુરત C.P ને વાકેફ કરતા JCP ક્રાઈમ અને DCP ક્રાઈમે તાત્કાલીક બાતમીની ગંભીરતાને ધ્યાને લઈ સુરત ગ્રામ્ય અને ભરૂચ પોલીસ અધિક્ષક સાથે સંકલનમાં રહી ક્રાઈમ બ્રાન્ચની બે અલગ અલગ ટીમો અંકલેશ્વર તથા વેલંજા ગામ રંગોલી ચોકડી રવાના કરવામાં આવી હતી.



અંકલેશ્વર, દિલ્હી અને મુંબઈ માટે ડ્રગ્સ બનાવી સપ્લાય કરવાનું એપી સેન્ટર બની રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ્પેક્ટર અને તેઓની ટીમ તથા સુરત ગ્રામ્ય SOGના પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વેલંજા ગામની સીમમા રાજ હોટલથી રંગોલી ચાર રસ્તા તરફ જવાનાં રોડ તરફ જાહેરમાંથી આરોપીઓ મોન્ટુ દિલીપભાઈ પટેલ, વિરાટ હસમુખભાઈ પટેલ અને વિપુલકુમાર જયંતિભાઈ પટેલને માદક પદાર્થ એમ.ડી. ડ્રગ્સના રૂા.૨.૦૩ કરોડના ૨ કિલોના જથ્થા સાથે ઝડપાયા હતા. પોલીસે સ્કોડા સ્લાવીયા સાથે કુલ રૂા.૨.૧૬ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

તે જ રીતે ભરૂચ જિલ્લા SOG PI આનંદ ચૌધરી અને તેમની ટીમને સાથે રાખી સંયુક્ત ઓપરેશન અંકલેશ્વર GIDCમાં અવસર એન્ટરપ્રાઈઝ ફેક્ટરીમાં હાથ ધરાયુ હતું. જે દરમિયાન ફેકટરીમાંથી આરોપી વિશાલ મુકુંદભાઈ પટેલને એમ.ડી. ડ્રગ્સના રૂા.૧૪.૧૦ લાખના ૧૪૧ ગ્રામના જથ્થા સાથે ઝડપી લેવાયો હતો. અવસર એન્ટરપ્રાઈઝમાંથી અન્ય શંકાસ્પદ માદક પદાર્થ જેનુ કુલ વજન ૪૨૮ કિલોને FSLમાં મોકલી અપાયું હતું.

**DATE: 23/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### રૂા.૧૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરાયો

# જુગાર રમતા પાંચ જુગારિયાને ઝડપી પાડતી ભરૂચ પોલીસ

। ભરૂચ ।

ભરૂચના વડદલા ગામમાં મજૂર કલ્યાણ કેન્દ્રની પાછળ જાહેરમાં જુગાર રમતા પાંચ જુગારીયાઓને સી. ડીવીઝન પોલીસે ઝડપી પાડયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી કુલ રૂા.૧૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આગામી તહેવારોને ધ્યાનમાં રાખી ભરૂચ સી.ડીવીઝન પોલીસ મથકની ટીમ પીઆઈ વી.આર.ભરવાડના માર્ગદર્શન હેઠળ તેમના વિસ્તારમાં કડક પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન માહિતી મળી હતી કે, ભરૂચ તાલુકાના વડદલા ગામમાં આવેલા મજુર કલ્યાણ કેન્દ્રની પાછળના ભાગે કેટલાક વ્યક્તિઓ જાહેરમાં જુગાર રમે છે. આ માહિતીના આધારે પોલીસ ટીમે તે સ્થળ પર રેઈડ કરતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જો કે પોલીસે કોર્ડન કરીને મુકેશ જેસંગભાઈ વસાવા, પ્રવિણ સોમાભાઈ રાઠવા, હસમુખ ભીખાભાઈ મકવાણા, સંદીપ અરવિંદભાઈ વસાવા અને હીતેન્દ્રસિંહ હઠેસિંહ પરમારને ઝડપી પાડયા હતા. પોલીસે તમામ જુગારીઓની અંગ જડતીના રોકડા રૂપિયા ૬૮૪૦ અને દાવ ઉપરના રોકડા રૂા.૪૪૬૦ મળીને કુલ રૂા.૧૧,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરમાં બે સ્થળેથી દારૂ સાથે ૪ જણાંની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વરમાં પોલીસે બે અલગ અલગ સ્થળોએથી વિદેશી દારૂના જથ્થા સાથે ૪ ઈસમોને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસનો સ્ટાફ ગોકુલધામ સોસાયટીની સામે રોડ ઉપર વાહન ચેકિંગમાં હતો તે દરમિયાન નવસારી જિલ્લા પાર્સિંગની એક કાર આવતા પોલીસે તેને અટકાવી હતી પોલીસે કારમાં તપાસ કરતાં કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ૩,૦૦૦ થી વધુના દારૂના જથ્થા સાથે સુરતના કાપોદ્રા સ્થિત લંબે હનુમાન રોડ રહેતા અંકિત પ્રવીણ મકવાણા,સુનિલ ભગવાન ખેરાળા અને કાળુ ભીખા ચાવડાને ઝડપી પાડ્યો હતો. જ્યારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે સારંગપુર વિસ્તારમાં આવેલ યોગેશ્વર નગરમાં રહેતો બુટલેગર સીનોદકુમાર ઠાકુરના ઘરે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂનો જથ્થો મળી કુલ ૨ હજારથી વધુનો મુદ્દામાલ સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો.

**DATE: 24/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દહેગામમાં જુગાર રમતા 4 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં દહેગામ ગામના બસ સ્ટેન્ડની પાછળ ઓટલાં પર જાહેરમાં કેટલાંક જુગારિયાઓએ મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી કાવી પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં સાદીક રાજા રહિમ મલેક, સાબીર ઐયુબ હસન મલેક, અસલમ ઈકબાલ ધૂલા મલેક તેમજ મુબારક યાકુબ અમીર મલેક નામના ચાર જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે સ્થળ પરથી રોકડ રકમ તેમજ જુગારના સાધનો જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# અંકલેશ્વરમાં લોક દરબાર યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમથક ખાતે જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાની અધ્યંક્ષતામાં વાર્ષિક ઇન્સ્પેક્શન અને લોક દરબાર યોજાયો હતો. અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમથક ખાતે જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા દ્વારા વાર્ષિક ઇન્સ્પેક્શન યોજાયું હતું, જેમાં પોલીસમથકની તમામ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જે બાદ લોક દરબાર યોજાયો હતો. આ લોક દરબારમાં લોક પ્રતિનિધિ, આગેવાનો અને સોસાયટીના સ્થાનિકોએ વિવિધ મુદ્દે રજૂઆત કરી હતી. ટ્રાફિકની સમસ્યા, ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરમાં આવતા લોકોને અટકાવવા નહીં, ચોરીની ખોટી અફવા તેમજ પોલીસ પેટ્રોલિંગ વધારવા પણ રજૂઆત કરાઈ હતી. પોલીસ વિભાગ દ્વારા લોકોના પ્રશ્નો સાંભળી તેના નિરાકરણ અંગે ખાતરી આપી હતી. આ લોક દરબારમાં પી.આઈ. પી.જી.ચાવડા અને પોલીસ અધિકારી, જવાનો તેમજ સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 25/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નેત્રંગના કેલ્વીકુવા ગામે વિદેશી દારૂ સાથે મહિલા બૂટલેગર ઝડપાઈ

નેત્રંગ. તા.૨૪

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઈની સૂચનાથી દિવાળીના તહેવારોને અનુલક્ષીને પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહિબિશન અને જુગારની રેડમા નિકળેલા હતા.

## અન્ય બે બૂટલેગર ફરાર,કુલ રૂ.૫૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

તે સમયે બાતમીના આધારે કેલ્વીકુવા ગામે નવી વસાહત વિસ્તારમાં રહેતો` શૈલેષ જેસીંગ વસાવા, રાજેશ કાલીદાસ વસાવા તેમજ રમીલા દલસુખ ઉર્ફે ગોટીયો વસાવા ઈગલીંશ દારૂનુ વેચાણ કરે છે. જે બાતમીના આધારે રેડ કરાતા શૈલેષ વસાવાના ધરે રેડ કરાતા સંતાડેલ વિદેશી દારૂની બોટલો તેમજ બિયર ટીન મળી કુલ ૨૧૩ બોટલ રૂ.૨૯,૫૫૦ રાજેશ વસાવાને ત્યા રેડ કરાતા રહેણાંક ધરની બાજુમા આવેલી અડાળીમા ઘાસચારામા સંતાડેલ વિદેશી દારૂની ૯૬ નંગ બોટલ ૧૪,૪૦૦ જ્યારે રમીલા દલસુખ ઉફે ગોટીયાની ત્યા રેડ કરાતા બાજુમા આવેલા ખુલ્લા ઘરની પાછળથી વિદેશી દારૂની ૯૬ નંગ બોટલ રૂ.૧૪ ૪૦૦ મળી કુલ વિદેશી દારૂ અને બિયર ટીન રૂ.૫૮,૩૫૦ રેડ દરમિયાન મહિલા બૂટલેગર રમીલા વસાવાને ઝડપી લીધી હતી.

શૈલેષ જેસીંગ વસાવા ,રાજેશ કાલીદાસ વસાવા બંને બૂટલેગરોને વોન્ટેડ જાહેર કરી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 25/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

# અંકલેશ્વરમાં દિવાળીના તહેવારોમાં દુકાનદારોને વાહનો વ્યવસ્થિત પાર્ક કરવા પોલીસની સૂચના

**। અંકલેશ્વર ।**

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે આવનાર તહેવારોને લઈ પોલીસ પેટ્રોલિંગ વધાર્યુ છે.પોલીસે શહેરમાં આવેલ દુકાનો બહાર આડેધડ પાર્ક કરવામાં આવતા વાહનોને અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે તહેવારોને લઈ દુકાનદારો પોતાના વાહનો વ્યવસ્થિત પાર્કિંગ કરે તે માટે અપીલ કરવામાં આવી હતી. અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે આવનાર તહેવારોને લઈ પોલીસ પેટ્રોલિંગ વધાર્યુ છે. પોલીસે શહેરમાં આવેલ દુકાનો બહાર આડેધડ પાર્ક કરવામાં આવતા વાહનોને પગલે ઉદભવતી ટ્રાફિકની સમસ્યા વધુ નહિ વકરે તે માટે દુકાનદારોને પોતાના વાહનો પાર્કિંગમાં જ વ્યવસ્થિત પાર્ક કરવા સુચના આપવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસની આવી કામગીર સમયાંતરે ચાલુ જ રહે તો ટ્રાફિકજામની પરિસ્થિતિ ભૂતકાળ બની જાય તેમ કહી શકાય.

**DATE: 25/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# ચાવજ ગામેથી રૂા. ૮ લાખનો દારૂ ઝડપાયો

। ડભોઇ ।

ભરૂચના ચાવજ ગામની વૃંદાવન વિલા સોસાયટી પાસેથી પોલીસે દરોડા પાડી રૂા.૮ લાખથી વધુનો દારૂમળી કુલ રૂા.૨૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કરી બે બુટલેગરોને ઝડપી પાડ્યા હતા.

ભરૂચ ચાવજ ગામની વૃંદાવન વિલા સોસાયટી પાસે આયસર કન્ટેનરમાંથી વિદેશી દારૂનું કટિંગ થનાર છે. અને વિદેશી દારૂનો જથ્થો લેવા માટે નરેશ કહારના માણસો બુટલેગર ધર્મેશ મનહર ઠાકોર અને અભિષેક ઉર્ફે અબુ ભરત કહાર આવનાર છે. જેવી બાતમીના આધારે સી ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ વોચમાં હતો તે દરમિયાન બે ઈસમો આવ્યા હતા અને કન્ટેનર આવતા પોલીસે દરોડા પાડ્યા હતા. કન્ટેનર ચાલક ફરાર થઈ ગયો હતો જયારે પોલીસે બુટલેગર ધર્મેશ મનહર ઠાકોર અને અભિષેક ઉર્ફે અબુ ભરત કહારને ઝડપી પાડ્યા હતા.પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની ૪૯૨૦ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે ૮ લાખનો દારૂ તેમજ ત્રણ વાહનો મળી કુલ ૨૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને વિદેશી દારૂ અંગે ઝડપાયેલા બંને બુટલેગરોની પુછપરછ કરતા જથ્થો સેલવાસના છગનસિંગ પાસેથી મંગાવ્યો હોવાની કબુલાત કરી હતી.

**DATE: 25/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ઝઘડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતાં માર્ગ પર પોલીસ ચેકિંગ




**ઝઘડિયા ।** કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 30 અને 31મીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. દિવાળીના તહેવારોને અનુલક્ષી વાહનોની અવરજવરમાં પણ વધારો થયો છે ત્યારે ઝઘડિયામાંથી પસાર થતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા માર્ગ પર પોલીસે સઘન વાહનચેકિંગ હાથ ધર્યું હતું.

**DATE: 26/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝાડેશ્વરમાં જુગારના અડ્ડા પર દરોડા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝાડેશ્વર ગામે આવેલાં હાથી ગ્રાઉન્ડમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર પહોંચી વિસ્તારને ચારેય તરફથી કોર્ડન કરી દરોડો પાડ્યો હતો. પોલીસે જુગાર રમતાં મેહુલ પટેલ, વિનોદ વસાવા, દિનેશ વસાવા, દેવેન્દ્ર ઠાકોર, રાજૂ વસાવા, અજય ઓડ તેમજ સુનિલ વસાવાને ઝડપી પાડી તેમની અંગઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી 12 હજારથી વધુ રોકડા તેમજ 3 મોબાઈલ મળી કુલ 25 હજારથી વધુની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 26/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-01**

### એક વર્ષ પહેલાં બનેલા બનાવમાં પોલીસને સફળતા

# ભરૂચમાં વૃદ્ધાની હત્યાના પ્રયાસના ગુનામાં સંડોવાયેલા બે સગીર ઝડપાયા

। ભરૂચ ।

ભરૂચના નિલકંઠેશ્વર મહાદેવ મંદિર નજીક રહેતા એક વૃધ્ધાની એક વર્ષ પહેલાં થયેલી હત્યાની કોશિશમાં LCB એ બે સગીરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે સી ડીવીઝન પોલીસ મથકમાં સોંપ્યા છે.

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં નિલકંઠેશ્વર મહાદેવ મંદિર પાસે મનન આશ્રમ માર્ગ પર આવેલા મકાનમાં ૬૫ વર્ષીય દક્ષા શિવનંદન પટેલ એકલા રહે છે. ગત તા.૨૩મી ઓગષ્ટ ૨૦૨૩ના રોજ તેઓ ઘરમાં એકલા હતાં, તે સમયે અજાણ્યા ઈસમોએ તેમના મકાનમાં પ્રવેશ કરીને હથિયાર વડે માથામાં ઈજા કરી ફરાર થઈ ગયા હતા. તે સમયે તેમની પુત્રી તેમને કોલ કરતા ફોન સ્વીચ ઓફ આવતો હોઈ પુત્રી અને જમાઈએ ત્યાં પહોંચી જઈ લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયા હતાં. આ મામલે તેમના જમાઈ હર્ષકુમાર ભગવાનદાસ પટેલે સી ડીવીઝન પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ હત્યાની કોશિશની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે જિલ્લા LCB પીઆઈ મનીષ વાળાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરાઈ હતી. જેમાં માહિતી મળી હતી કે, આ ગુનાને અંજામ આપનાર બે સગીરો છે, તેમને પકડી કચેરી ખાતે લાવી પૂછતાછ કરતા તેઓ બંને ચોરી કરવાના ઈરાદે ગયા હતા પરતું દક્ષાબેન જાગી જતા ગભરાઈને તેમના માથામાં લોખંડના પાઈપનો ફટકો મારીને ભાગી ગયા હતાં. જેથી LCB પોલીસે હત્યાની કોશિશમાં બે સગીરોને ઝડપી વધુ તપાસ અર્થે સી ડીવીઝન પોલીસમાં સોંપ્યા છે.

### ચોરી કરવાના ઈરાદે ઘરમાં ઘૂસ્યા હોવાની કબૂલાત

**DATE: 26/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# ‘મારો ભાઈ શંકા રાખી મને માનસિક ત્રાસ આપે છે’: બહેને 181 અભયમને કોલ કર્યો

**પડોશી** સાથે સંબંધ હોવાની શંકા રાખી ડિવોર્સી બહેન પર શંકા રાખતા ભાઈનું કાઉન્સેલિંગ કરાયું

**181ની** ટીમે કહ્યું: બહેનની ઇજ્જત જાળવવી જોઈએ, ભાઈને પોતાની ભૂલ સમજાતા માફી માંગી

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના એક ગામમાંથી પીડિત મહિલાએ 181 હેલ્પ લાઈનમાં કોલ કરી જણાવ્યું હતું કે, મારો ભાઈ પડોશી ભાઈને કારણે મારા પર શંકા કરે છે અને માનસિક ત્રાસ આપે છે. આથી 181 અભયમની તાત્કાલિક મદદ માંગી હતી. જેના આધારે ભરૂચ 181 ટીમે તરત જ સ્થળ પર પહોંચી પીડિતા સાથે વાતચીત કરતાં પીડિતાએ જણાવ્યું કે, હું છેલ્લાં સાત વર્ષથી મારા પિયરમાં જ રહું છું. મારા પતિ સાથે છૂટાછેડા થઈ ગયા છે અને ત્યારથી લઈને અત્યાર સુધી પિયરમાં મારા બે ભાઈ, બહેન અને માતા-પિતા સાથે જ રહું છું અને તેમને ઘરના કામકાજમાં મદદ કરું છું. મારા પિતા સિલાઈ મશીનનું કામ કરે છે. છેલ્લા સાત દિવસથી મારો એક ભાઈ નશો કરી ઘરે આવી મારો પડોશી ભાઈ સાથે સંબંધ છે એવું વિચારીને શંકા કરે છે. પડોશી એમનાં કપડાં સિલાઈ કરવા મારા પિતા પાસે આવે છે, તો એમની સાથે તારો સંબંધ છે તેમ કહી મારા પર શંકા કરે છે. આથી મારા ભાઈને સમજાવવા 181 ટીમની મદદ લીધી છે.

181ની ટીમે સ્થળ પર પીડિત મહિલાનું કાઉન્સેલિંગ કર્યું હતું. તેમજ તેના ભાઈને બોલાવ્યો હતો અને ભાઈએ જણાવ્યું કે, મેં મારી બહેનને એ ભાઈ સાથે દુકાન પર વાતચીત કરતા જોઈ હતી. ત્યારથી મારી બહેન પર શંકા કરું છું તેમજ પડોશી ભાઈને પણ બોલાવ્યો હતો. વધુ પૂછપરછ કરી પડોશીએ જણાવ્યું કે, મારો એમની સાથે કોઈ સંબંધ નથી. મારાં લગ્ન નક્કી થઈ ગયાં છે. હું તો ફક્ત કપડાં સિલાઈ કરાવવા આવું છું. સગા ભાઈએ અંતે માફી માંગી પોતાની ભૂલની કબૂલાત કરી હતી. 181 ટીમે ભાઈને સમજાવ્યો કે બહેનની આવી ખોટી વાતો મનમાં ન રાખવી અને બહેનની ઈજ્જત જાળવવી જોઈએ. આમ 181 ટીમે ભાઈ-બહેનના અતૂટ પ્રેમને ઉજાગર કરી બંનેને સમજાવી સુખદ સમાધાન કરાવ્યું હતું.

**DATE: 27/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 200 કિલો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો

# પાનોલીમાં એલ્યુમિનિયમની ચોરી કરનાર 3 આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

પાનોલી જીઆઈડીસીની ઓવર હેડ સ્ટીમલાઈન પરથી 600 કિલો એલ્યુમિનિયમની ચોરી ભેદ ઉકેલવામાં પોલીસનેસફળતા મળી છે. પોલીસે 3 રીઢા ચોર ને ઝડપી પાડી 200 કિલો એલ્યુમિનિયમ પ્લેટ રિકવર કરી અન્ય આરોપીની શોધખોળ શરૂ કરી છે.

પીઆર ઈકો એનર્જી લિમિટેડ કંપની પાનોલી જીઆઈડીસીમાં પાઈપલાઈનથી કંપનીઓમાં સ્ટીમ આપવાનું કામ કરે છે. સાવરીયાકંપની નજીક આવેલ પાઈપલાઈન પરથી તસ્કરો એલ્યુમિનિયમની પ્લેટોની ચોરી કરી ફરાર થઈ ગયાં હતાં. 600 કિલો વજનની 1.50 લાખના એલ્યુમિનિયમની ચોરી અંગે પાનોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે તપાસ દરમિયાન ફાન્સીસ ઉર્ફે રાહુલ ગ્રેબિયલ ડીસોઝા, સંતોષ ઉર્ફે બાબુ ઘનશ્યામશર્મા , સંતોષ આનંદાનેઝડપી પાડ્યા હતા. તેમની ઉલટ તપાસ કરતા તેમણે ચોરીની કબૂલાત કરી હતી પોલીસે તેમની પાસેથી 600 કિલો એલ્યુમિનિયમ પ્લેટોપૈકી 200 કિલોનો જથ્થો પણ રિકવર કર્યોહતો. બાકી રહેલો400 કિલો જથ્થો રિકવર કરવા માટે વધુ પૂછપરછ શરુ કરી હતી.

**DATE: 27/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**



# વેલુગામમાં ખેતરમાં તુવરની આડમાં ગાંજાનું વાવેતર, એકની અટકાયત

ભરૂચ, ઝઘડિયાઃ ભરૂચ SOG ટીમ ઝઘડિયા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, ઉમલ્લા પોલીસમથકની હદમાં આવેલા વેલુગામ કોઠી ફળિયામાં રહેતો મહેશ ચીમન વસાવાએ પોતાની જમીનમાં તુવેરના ચાસમાં ગાંજાનું વાવેતર કર્યું છે. જેના આધારે પોલીસે દરોડા પાડતાં રૂ.22,610ની કિંમતના ગાંજાના 6 છોડ મળી આવ્યા હતા. પોલીસે ગાંજાના છોડ અને એક મોબાઈલ મળી કુલ રૂ.23,110 મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ આરોપી મહેશ વસાવાની એન.ડી.પી.એસ. એક્ટ અંતર્ગત ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 27/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દિવાળી પર્વને લઇ પોલીસની કામગીરી

# ભરૂચમાં 230 મિલકત ધારકો સામે જાહેરનામા ભંગનો ગુનો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા એપસી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ભરૂચ એસઓજી પોલીસે અલગ અલગ ટીમો બનાવી પોલીસ મથક વિસ્તારોમાં મકાન ભાડુઆત ચેકીંગ કામગીરી હાથ ધરી મકાન માલીકોએ ભાડા કરાર નોંધણી ન કરવાવાળા વિરૂધ્ધ જાહેરનામાના 230 ગુનાઓ નોંધ્યા હતાં.

જેમાં સૌથી વધુ જબુંસર પોલીસ મથક વિસ્તારમાં 24 કેસો નોંધાયા હતા.જ્યારે ભરૂચ એ ડીવીઝનમાં 09, ભરૂચ બી ડીવીઝનમાં 10,સી ડીવીઝન 06,ભરૂચ તાલુકા 04, વાગરા 15, નબીપુર 06, પાલેજ 06, દહેજ 20, મરીન 02, કાવી 10, અંકલેશ્વર એ ડીવીઝન 05, અંકલેશ્વર બી ડીવીઝન 10, અંકલેશ્વર રૂરલ 10, પાનોલી જીઆઈડીસી 20, અંકલેશ્વર જીઆઈડીસી 15, હાંસોટ 05, ઝઘડિયા 07, ઝઘડિયા જીઆઈડીસી 04 , રાજપારડી 05, ઉમલ્લા 02 , વાલીયા 01, નેત્રંગ 14 અને એસઓજી પોલીસના 20, ગુનાઓ નોધ્યા હતા. તહેવારોના સમયમાં પોલીસ દ્વારા કરાઈ રહેલા આકસ્મિક તપાસમાં ગુનેગાર સહિતના લોકોમાં ફફડાટ ફેલાય ગયો છે.

**DATE: 27/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### દિવાળી તહેવારોને લઈ પોલીસ દ્વારા

# ભરૂચમાં ફૂટ પેટ્રોલિંગ-વાહન ચેકિંગ કામગીરી હાથ ધરાઈ

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં દિવાળીના તહેવારોને લઈને પોલીસ એલર્ટ મોડમાં છે. પોલીસ દ્વારા વાહન ચેકીંગ, ફુટ પેટ્રોલીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત વેપારીઓ સાથે મીટીંગ યોજી કઈ કઈ બાબતોની તકેદારીઓ રાખવી તેની માહિતી પણ આપવામાં આવી રહી છે.

આગામી દિવસોમાં દિવાળી સહિતના તહેવારો આવી રહ્યા છે ત્યારે જિલ્લામાં કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે અને શાંતિપુર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરાય તે માટે ભરૂચ જિલ્લામાં પોલીસ એલર્ટ મોડમાં છે. પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમના વિસ્તારમાં ફૂટ પેટ્રોલીંગ તેમજ વાહન ચેકીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત કલેકટરના જે જુદા જુદા જાહેરનામાં છે તેની અમલવારી થઈ રહી છે કે કેમ તે અંગે પણ ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ આપેલા આદેશ મુજબ પોલીસના ઉચ્ચ અધિકારીઓએ વેપારીઓ સાથે મીટીંગ પણ યોજી હતી. જેમાં તહેવારો અને બહારગામ જતા કઈ કઈ બાબતોને લઈને તકેદારીઓ રાખવી તેની માહિતી પણ પોલીસ દ્વારા આપવામાં આવી હતી. આમ આગામી દિવસોમાં આવતા તહેવારો શાંતીથી ઉજવાય તે માટે પોલીસ તંત્ર એલર્ટ બની ગયું છે.

**તહેવારો શાંતિથી ઉજવાય તે માટે પોલીસ તંત્ર એલર્ટ**